
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



બેચરભાઈ પ્રભુદાસ પટેલ
(૧૯૪૦) ફોન. ૨૩૨ ૨૨૩૯૭



રામજીભાઈ ઉકાભાઈ પરમાર
(૧૯૩૨) ફોન. ૨૩૨ ૨૪૨૮૪

# ૧૬૪૦ આંગણવાડીમાં દૂધ સંજીવની પ્રોજેક્ટનો પ્રારંભ

## ભૂમિહીન આદિવાસીઓને જમીન ટોચ મર્યાદાની ફાજલ જમીનનું વિતરણ : ઘણા બાળકો કુપોષણમાંથી ઉગર્યા છે

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતને કુપોષણ મુક્ત બનાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરતા જણાવ્યું કે,વડાપ્રધાન કુપોષણને રાષ્ટ્રીય શરમ ગણીને માત્ર રોદણા રડે છે પણ ગુજરાતે તો જનભાગીદારીથી કુપોષણ સામેની લડાઇ સને ૨૦૦૪થી શરૂ કરી દીધી છે અને લાખો ભૂલકા બાળકો ગરીબ માતાઓને કુપોષણમાંથી ઉગારી લીધા છે. ચૂંટણીના વર્ષમાં રાજકારણ અને મતકારણની પરવા કર્યા વગર આ સરકારે નાના ભૂલકાં અને બાળકોના પોષણને જ પ્રાથમિકતા આપી છે એમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યું કે ગુજરાતના સમજદાર નાગરિકોએ ૨૦ વર્ષથી ગુજરાતને તબાહ કરનારા જુઠ્ઠાણાંનો ઝુબ્બારો ચલાવનારાઓને કિનારે કરી દીધાં છે. સુરત જિલ્લા પંચાયતે જનભાગીદારીને પ્રેરિત કરીને જિલ્લાની ૧૬૪૦ આંગણવાડીઓમાં ૪૦,૦૦૦ થી અધિક ભૂલકાંઓને કુપોષણની પીડામાંથી મુક્ત કરવાના અભિયાનનો આજે મુખ્યમંત્રીએ પ્રારંભ કર્યો હતો. આ ભૂલકાંઓને અઠવાડિયે બે દિવસ દૂધનો સંપૂર્ણ આહાર દૂધ સંજીવની પ્રોજેક્ટ અંતર્ગત અપાશે. આમાં રૂપિયા બે કરોડનો વાર્ષિક ખર્ચ થશે. જેમાં રૂપિયા ૯૦ લાખ સહકારિતા-ઔદ્યોગિક જૂથોએ સામાજિક દાયિત્વરૂપે આપ્યા છે. આ ઉપરાંત ઓલપાડ અને ચોર્યાસી તાલુકાની ૨૫ જેટલી પ્રાથમિક શાળાઓમાં જેમાં મુખ્યત્વે આદિવાસી બાળકો ભણે છે. તેમને પણ આ જ પ્રકારના દૂધ સંજીવની પ્રોજેક્ટમાં આવરી લીધા છે. મુખ્યમંત્રીએ જમીન ટોચમર્યાદા ધારા હેઠળ ફાજલ પડેલી જમીન ૬૧ જેટલાં ભૂમિહિન આદિવાસીઓને કાયમી ધોરણે ફાળવવાના આદેશ પત્રો પણ એનાયત કર્યા હતા. કુપોષણની પીડા માટે માત્ર સમાજની સંવેદના જ નથી જગાવી, પરંતુ સમગ્ર સરકારી તંત્રના હજારો કર્મયોગીઓએ આંગણવાડીઓ દત્તક લીધી છે અને ભૂલકાંઓની ચિંતા કરે છે. અનેક અધિકારીઓના પરિવારજનો પણ એમાં જોડાયેલા છે. ગુજરાતનું બાળક સ્વસ્થ હશે તો આવતીકાલનો ગુજરાતનો સમાજ પણ સમર્થ શક્તિશાળી રહેશે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી પટ્ટામાં અગાઉની શાળા જ શરૂ નથી કરી તો આદિવાસી યુવાન કઇ રીતે ડોક્ટર, ઈજનેર બને તેવો સવાલ ઉઠાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ સરકારે દરેક આદિવાસી તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખોલી દીધી છે.

## વરસાદ ન થાય ત્યાં સુધી ૧૦ કલાક વીજળી અપાશે

અમદાવાદ, તા.૧૪

ઊર્જા રાજ્યમંત્રી સૌરભ પટેલે સૌરાષ્ટ્ર કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં વાવણીલાયક અપૂરતા વરસાદને કારણે ઉભી થયેલી પરિસ્થિતિમાં ખેડૂતોને હાલ અપાતા આઠ કલાકના વિજ વિષયક પુરવઠામાં વધારો કરી ૧૦ કલાક થ્રી ફેઈઝ વીજળી આપવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય તાત્કાલિક અસરથી કર્યો છે.

પટેલે આ નિર્ણયની ભૂમિકા આપતાં જણાવ્યું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં વાવણીલાયક અપૂરતા વરસાદ અને આ સ્થિતિમાં ખેડૂતોનું બિયારણ પાક બળી ન જાય તથા વાવેતર નિષ્ફળ ન જાય તેવા કિસાન હિતકારી અભિગમથી ખેતીના વાવેતર સહિતની બાબતોની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી હતી. ઊર્જા રાજ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, વર્તમાન સ્થિતિમાં ખેડૂતોને હાલ અપાતા આઠ કલાકના વીજ પૂરવઠાને બદલે બે કલાક વધુ એટલે કે ૧૦ કલાક સુધી થ્રી ફેઈઝ સતત વીજળી, વાવણીલાયક સંતોષકારક વરસાદ ન થાય ત્યાં સુધી આપવાનો નિર્ણય કર્યો છે.

## સમાચાર ઝલક

- દિવાળી સુધીમાં ગુજરાતમાં ઇન્ટરસિટી વિમાની સેવા શરૂ થશે, ત્રણ કંપનીના વિમાનો ઉડશે.
- ઇન્ફોસીસ ૩૫,૦૦૦ લોકોની ભરતી કરશે.
- 'બોલ બચ્ચન'એ ૧૦૦ કરોડની કમાણી કરી રેકોર્ડ તોડ્યો.
- સૂરતમાં આજે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાની અનાવરણવિધિ થશે.
- આસામમાં છડેચોક નારી પર નગ્નકાંડ, ૧૧ નરાધમો ફરાર, ગુવાહાટીમાં લોકોનો પ્રકોપ, ટીવી પર દૃશ્ય નિહાળીને દેશનું નારીધન ચોકી ઊઠ્યું, ગૃહખાતાએ માંગ્યો અહેવાલ.
- અણુ સક્ષમ અગ્નિ-૧ મિસાઇલનું ઓરિસ્સાનાં દરિયાકાંઠા પર પરિક્ષણ.
- ધારી તાલુકાના માલસીકા ગામે માતા-પિતા પાસે સુતેલા બાળકને દીપડાએ ઉઠાવી જઇ ફાડી ખાધો.
- ૨૦૧૨માં હજુ સુધી કોઇ આતંકવાદી હુમલા થયા નથી.
- ઇમેલની સુરક્ષામાં ખામી,લાખો પાસવર્ડ લીકથી ખળભળાટ.
- જ્યોતિષીઓની આગાહી...! ચિંતા નહીં કરતાં, ૧૫મીથી ચોમાસું જામશે, વરસાદ ખુબ વરસસે.
- રાંચીમાં પ્રણવ મુખરજીના માનમાં યોજાયેલ ભોજન સમારંભમાં મુખવાસમાં સાકરને બદલે કોસ્ટિક સોડા મુકાતાં ખળભળાટ.
- સરદાર પટેલની જમીનનાં બોગસ દસ્તાવેજથી જમીન વેચાઇ, જમીન વેચાણ પર કલેકટરનો મનાઇ હૂકમ - તંત્ર ભીંસમાં.
- ૫ વર્ષમાં માનસિક તણાવને લીધે ૫૧,૦૦૦ હજાર અર્ધ લશ્કરી જવાનોએ નોકરી છોડી દીધી.
- તા. ૧૮મી એ ૧ દિવસની મુલાકાતે કોંગ્રેસના યુવરાજ શ્રી રાહુલ ગાંધી પધારશે.
- તહેવાર પૂર્વે ગુજરાતમાં ચાઇનીઝ રમકડાનો ઢગલો, એક લાખ ઉપરાંતની વેરાયટી.
- યુ.પી.માં આંદોલનકારીઓ સામે મરચાં બોમ્બ ફેકાશે, ટીયરગેસ કરતાં વધુ અસરકારક.
- લૈલાખાનની હત્યાનો ભેદ ઉકેલવામાં તેની બે પાલતું બિલાડીઓને જ મદદ કરી.
- ડૂબતી કૃષિ ધિરાણની રાષ્ટ્રીયકૃત બેંકો મુશ્કેલીમાં, કૃષિ ધિરાણનીતિ બદલવા રિઝર્વ બેંકના ગર્વનરની માંગણી.

## પી. કે. ઝાને રાષ્ટ્રીય ઉદ્યોગરત્ન એવોર્ડથી સન્માન

ગાંધીનગર, તા.૧૪

રાષ્ટ્રીય લઘુઉદ્યોગ નિગમ લી. જે ભારત સરકાર દ્વારા કાર્યરત છે. જેની મધ્યઝોન (ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ)ના ચીફ ઝોનલ ઓફિસર પી.કે. ઝાને રાષ્ટ્રીય ઉદ્યોગરત્ન કવોલીટી બ્રાન્ડ ઈન્ડિયા એવોર્ડ ૨૦૧૨ થી ૨૦૧૪ માટેનો મુંબઈ ખાતે એવોર્ડ પ્રદાન કરવામાં આવેલ હતાં. આ કાર્યક્રમ દ્વારા ખ્યાતનામ ફિલ્મ અભિનેત્રી કામીની કૌશલના વરદહસ્તે આપવામાં આવેલ હતો. કવોલીટી બ્રાન્ડ ઈન્ડિયા એવોર્ડ જે દેશમાં ખુબ જ પ્રતિષ્ઠિત એવોર્ડ છે.

પસંદગી પ્રક્રિયા ખુબ જ કડક હોવાથી માત્ર પાંચ ઉમેદવારો પસંદ પામ્યા હતા. જેમાંથી શ્રી પી.કે. ઝા પણ પસંદ પામ્યા હતા. ૨૦૧૨-૧૪ના રત્ન કવોલીટી બ્રાન્ડ ઈન્ડિયા એવોર્ડ વિજય બન્યા હતા.

આ અગાઉ શ્રી પી.કે. ઝા એ ગુજરાતના ઉદ્યોગક્ષેત્રના વિકાસમાં મહત્વનું યોગદાન આપેલ છે.

## આજે દહેગામમાં અખંડ ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના દહેગામ મોડાસા રોડ પાસે આવેલી પંકજ સોસાયટી, વિભાગ-૨ ખાતે નિવાસ કરતા કૌશિકકુમાર વાડીલાલ શાહને ત્યાં આજે તા. ૧૫મી જુલાઈ-૨૦૧૨ને રવિવારે બપોરે ૩ થી ૯ કલાક દરમિયાન અખંડ ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ યોજાશે.

ગાંધીનગરનાં યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સમગ્ર હનુમાન ચાલીસા પાઠનું સંગીતમય ગાન કરશે. આ ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિત રહેવા સૌ નગરજનોને સુંદરધામ પરિવાર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



દશામાંના વ્રત આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મુર્તીને આખરી ઓપ આપવામાં કલા-કારીગરો વ્યસ્ત થઈ ગયા છે.

## અમિત ગજ્જરને રાષ્ટ્રીય ઉદ્યોગરત્ન એવોર્ડથી નવાજ્યા

ગાંધીનગર, તા.૧૪

આર્કીટેકટ શ્રી અમિત ગજ્જરને મુંબઈ ખાતે નેશનલ એજ્યુકેશન અને હ્યુમન રિસોર્સીસ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા નેશનલ ઈકોનોમીક ગ્રોથ થ્રુ ઈન્ડિવિજ્યુએલ કોન્ટ્રીબ્યુશન માટે રાષ્ટ્રીય ઉદ્યોગરત્ન એનાયત કરવામાં આવ્યો છે. છેલ્લા ૩૦ વર્ષમાં ૫૦૦ જેટલાં પ્રોજેક્ટ કરી ચુકેલા શ્રી અમિતભાઈ ગજ્જર નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈનમાં ઈન્ટીરીયર ડિઝાઈન કન્સલટન્ટ તરીકે કામ કરી ચુક્યા છે. રાષ્ટ્રીય ઉદ્યોગરત્ન એવોર્ડની સાથે એ.જી.ડાસી ગૃપને પણ તેમની ઈન્ટરીયર ડિઝાઈનની શ્રેષ્ઠતા માટે કવૉલીટી બ્રાન્ડ ટાઈમ્સ ૨૦૧૨-૨૦૧૪નો એવોર્ડ આપવામાં આવેલ છે.

## શબ્દાવલી - ૪૭૮૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | | |
| ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | | ■ | |
| ■ | ૧૩ | | | ■ | ■ | ૧૪ | |
| ૧૫ | ■ | | ■ | ૧૬ | ૧૭ | | ■ |
| ૧૮ | ૧૯ | ■ | ૨૦ | | | ■ | ૨૧ |
| ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | |
| | ■ | ૨૬ | | | ■ | ૨૭ | |

**આડી ચાવી**

૧. સુરક્ષા, સલામત હોવું તે (૪)
૪. ડીગ્રી સર્ટીફીકેટ (વકીલનું) (૩)
૭. મોકો, તક (૨)
૮. ખેલાડી (૫)
૧૦. યજ્ઞ, હોમ... (૩)
૧૨. જ્ઞાતિ, નાત (૨)
૧૩. સાક્ષી (૩)
૧૪. એક કોઠી જેવું માટીનું વાસણ (૨)
૧૬. ઘણાને... ને પાટું મારવાની ટેવ હોય છે (૩)
૧૮. ઓળખાણ, પહોંચ (૨)
૨૦. માહિતગાર (૩)
૨૨. દેશનિકાલ, દેશવટો (૪)
૨૪. લીટો, લસરકો (૩)
૨૬. ભૂગર્ભ, ... ને નાગલોક કહેવાય (૩)
૨૭. ધ્રાસકો, ... પડવી (૨)

**ઊભી ચાવી**

૧. શિખામણ (૩)
૨. ઘણા... ના જોરે લાયકાત વગર મોટા હોદ્દે બેઠા હોય છે (૪)
૩. બાણ, શર (૨)
૪. અવિરત (૩)
૫. જૂની નહિ તેવી (૨)
૬. ગેટ, બારણું (૪)
૯. આનંદ, મોજ (૨)
૧૧. કુવો, વાવ (૩)
૧૪. યુધિષ્ઠિરની માતા (૨)
૧૫. નવિન, નવો (૪)
૧૬. 'કૅપ' શબ્દ ઊંધો (૨)
૧૭. ડફ, એક વાદ્ય (૩)
૧૯. સળ, ગેડ (૨)
૨૦. કહાની, નવલિકા (૩)
૨૧. વા..., વાવાઝોડું (૩)
૨૩. પપ્પા, બાપુજી (૨)
૨૫. બેઠક માટેની ખાસ ખુરશી (૨)

### શબ્દાવલી ૪૭૮૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગુમરાહ (૩) અસ્મિતા (૫) જરા (૬) સ્વાગત (૭) રામરાજ (૧૦) નત (૧૧) બગાડ (૧૨) સૂર (૧૩) સાપ (૧૪) પખવાજ (૧૬) સસ્તી (૧૭) વલય (૧૯) વહાણ (૨૦) સાચવણ

**ઊભી ચાવી :-** (૧) ગુજરાન (૨) મરામત (૩) સગવડ (૪) સ્મિત (૮) જબરજસ્તી (૯) પતિપરાયણ (૧૨) સુવાસણ (૧૪) પડાવ (૧૫) કવચ (૧૮) લવ

**LCD TV રીપેરીંગ**


આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

# રાજ્યમાં હળવો વરસાદ યથાવત

(તસવીર : દિપક જાની)



વેરાવળમાં ૬.૪ મીમી વરસાદ નોંધાયો : આજે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ સહિત રાજ્યમાં આજે વરસાદી ઝાપટા પડ્યા હતા. અમદાવાદના કેટલાક વિસ્તારોમાં આજે વરસાદના છુટાછવાયા ઝાપટા પડ્યા હતા. શહેરના ઉત્તર ઝોનમાં ૦.૫૦ મીમી અને દક્ષિણ ઝોનમાં ૦.૧૭ મીમી વરસાદ નોંધાયો હતો. શહેરમાં મોસમનો કુલ વરસાદ ૪.૭૭ ઈંચ નોંધાયો છે. રાજ્યમાં આજે વેરાવળમાં ૬.૪ મીમી, મહુવામાં ૧.૮ મીમી, રાજકોટમાં ૦.૫ મીમી, સુરતમાં ૧.૨ મીમી, નલીયામાં ૦.૪ મીમી, દ્વારકામાં ૧.૨ મીમી વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શકયતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૫.૦ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૬ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૮૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૫૩ ટકા નોંધાયુ હતું.

# ભંવરી દેવી કેસમાં પાલનપુરમાંથી વધુ એક શખ્સની ધરપકડ કરાઈ

## નવી વિગત સપાટી ઉપર આવે તેવી વકી : ૧૪મી જુનના દિવસે રાજસ્થાન હાઈ કોર્ટ પ્રાંગણથી મુખ્ય આરોપીને ફરાર થવામાં મદદ કરનારની આખરે ધરપકડ

પાલનપુર, તા. ૧૪

સમગ્ર રાજસ્થાનમાં ભારે રાજકીય ચર્ચા જગાવનાર ભંવરી દેવી હત્યા કેસમાં મુખ્ય આરોપી કૈલાશ જાકરની મદદ કરનાર ગેંગનું સભ્યો ગુજરાત-રાજસ્થાન સરહદ નજીક ઝડપાઈ જતા આ કેસમાં મોટી સફળતા હાથ લાગી છે. રાજસ્થાન હાઈકોર્ટમાંથી ૧૪મી જુનના દિવસે કૈલાશ જાકર ફરાર થઈ ગયો હતો. મળેલી માહિતી મુજબ મનીષ ભંવરલાલ બિશ્નોઈની ગુન્દરી ચેકપોસ્ટ નજીક ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે તેના સાગરીત ઓમપ્રકાશ બિશ્નોઈને પકડી પાડવામાં પોલીસને સફળતા મનીષ ટોળકીનો એક હિસ્સો હતો જે ટોળકીએ પોલીસ ટુકડી ઉપર ગોળીબાર કર્યો હતો જેના લીધે કૈલાશ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. ૧૪મી જુનના દિવસે કોર્ટમાં સુનાવણી માટે કૈલાશને

લાવવામાં આવી રહ્યો હતો ત્યારે પરિસ્થિતિનો લાભ લઈને કૈલાશ જાકર હાઈકોર્ટ પ્રાગણમાંથી ભાગી ગયો હતો. તેને મદદ કરવા માટે ગોળીબાર કરનાર શખ્સોના આ કૃત્યનો કૈલાશે લાભ લઈ લીધો હતો જો કે બીજી જુલાઈના દિવસે તેની ફરી ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસ ટુકડી ઉપર ગોળીબાર કરનાર શખ્સની ધરપકડ કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી ઉપર આવી શકે છે. બનાસકાંઠાના પોલીસ અધિકારી અશોકકુમારે કહ્યું છે કે આ બંને બોલેરો કારમાં મુસાફરી કરી રહ્યા હતા. ચકાસણી માટે રોકવામાં આવતા સફળતા મળી હતી. આનંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા મુજબ મનીષ તેમની કસ્ટડીમાં છે. ગુજરાત-રાજસ્થાન સરહદ ઉપર બાતમી મળ્યા બાદ જાળ બિછાવવામાં આવી હતી. પોલીસને નિહાળ્યા બાદ કારમાં રહેલા આ બંને પૈકી ઓમપ્રકાશ બિશ્નોઈ કુદી ગયો હતો પરંતુ મનીષ ઝડપાઈ ગયો હતો. બનાસકાંઠા પોલીસે સીબીઆઈને જાણ કરી દીધી છે. સીબીઆઈ ભંવરી દેવી હત્યા કેસ મામલામાં તપાસ કરી રહી છે.

### ભંવરી કેસમાં સફળતા

- ભંવરી દેવી હત્યા કેસમાં મુખ્ય આરોપી કૈલાશને મદદ કરનાર ટોળકીના એક સભ્યની ધરપકડ
- ગુજરાત-રાજસ્થાન સરહદ ઉપર ધરપકડ કરાઈ
- ધરપકડ કરાયેલા મનીષ ભંવરલાલ બિશ્નોઈની આકરી પૂછપરછ
- તેનો એક સાગરિત ઓમપ્રકાશ બિશ્નોઈ ફરાર થવામાં સફળ
- ભંવરી હત્યા કેસમાં સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

## બનાસકાંઠામાં ત્રણ આરટીઓ ચેકપોસ્ટ પર એસીબીના દરોડા

પાલનપુર, તા.૧૪

બનાસકાંઠા જિલ્લામાં આંતરરાજ્ય સરહદો પર આવેલી આર.ટી.ઓ. ચેકપોસ્ટો પર અમદાવાદ એન્ટી કરપ્શન બ્યુરોની ટીમોએ આજે દરોડા પાડ્યા હતા. આજે સાબરકાંઠાની શામળાજી અને બનાસકાંઠાની અમીરગઢ, ગુંદરી અને થરાદ એમ ત્રણેય આરટીઓ ચેકપોસ્ટો પર એ.સી.બી. ત્રાટકી હતી. આ અંગે વિગતો આપતાં પાલનપુર એ.સી.બી. પો.ઈન્સ. પટેલે જણાવ્યુંકે આજે અમદાવાદથી એ.સી.બી.ની જુદી જુદી ત્રણ ટીમો બનાસકાંઠાની અમીરગઢ-થરાદ-ગુંદરી આરટીઓ ચેકપ્સોટ પર ઓચિંતી તપાસ હાથ ધરેલ ત્યારે જાણવા મળેલ ત્રુટીઓ (ગેરરીતિઓ) અંગે જાણવાજોગ એન્ટ્રી કરી વધુ તપાસ પાલનપુર એ.સી.બી.એ હાથ ધરેલ છે. જિલ્લાની ગુંદરી તા. દાંતીવાડા ચેકપોસ્ટ પરથી રેકર્ડ ઉપરની રકમ ઉપરાંત રૂા. ૫૧૭૦.૦૦/- (પાંચ હજાર એકસો સીત્તેર પુરા) જુદા-જુદા દરની ચલણી નોટો શેટ્ટી પલંગના ગાદલા નીચેથી હાથ લાગી હતી.

આમ આજે આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર એ.સી.બી.ના દરોડાઓથી આર.ટી.ઓ. તંત્રમાં અને જિલ્લાના ભ્રષ્ટ સરકારી અમલદારો - કર્મચારી આલમમાં અને પાલનપુરની આર.ટી.ઓ. કચેરીમાં પણ ખળભળાટ મચી ગયો હતો.

## લારીઓ બંધ કરાવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી વિગતો મુજબ આજે રજાના દિવસે પણ તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી તાલુ રાખવામાં આવી હતી. સર્વેલન્સ દરમ્યાન આ કેસો મળી આવ્યા હતા. તંત્રને સાદા તાવના પણ કેસો મળ્યા છે. જો કે આ દર્દીઓના લોહીના નમુના લઈ તેની પણ તપાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે તંત્ર દ્વારા કરાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષામાં હવે આ સેક્ટરોમાં ખાણી-પીણીની લારીઓ બંધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ માટે મ્યુનિ. કોર્પો.ના સેનીટેશન તંત્રની સાથે સંકલનમાં રહી તંત્રએ કામગીરી કરવાનો પણ નિર્ણય કર્યો છે.

## એનએસયુઆઈમાં ગાબડું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કિશન પટેલ, જયેશ પટેલ, વિશાલ પટેલ, સુહાસ પટેલ, હિતેશ પટેલ, જયદીપ પટેલ સહિતના ૧૫૦થી વધુ કાર્યકરોનો સમાવેશ થાય છે.

ભારતીય યુવા મોરચાના માધ્યમથી ભાજપામાં યુવાનોને આવકારતા પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે, યુવાનોએ શક્તિનો ભંડાર છે.

યુવાનોમાં પરિવર્તન કરવાની અને સત્ય-અગત્યના પારખા કરવાની શક્તિ રહેલી હોય છે. ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થઈ રહેલી યુવાઓના સ્વપ્ર સાકાર કરવાની કામગીરીને ધ્યાનમાં લઈ યુવાનોએ ભાજપાનો સાચો માર્ગ પસંદ કર્યો છે. તેને ભાજપાના સમગ્ર ગુજરાત પરિવાર વતી હૃદયપૂર્વક આવકાર છે.